ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૩-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

શિવસેનાનો ફૂંફાડો : ભાજપની નેતાગીરીને તીખી ટકોર

ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ રાજનાથસિંહ એક તરફ ભાજપ તથા એનડીએ પરિવારમાં નવા નવા માણસો અને નાના નાના પક્ષોને જોડતા જાય છે ને બીજી તરફ એમના જૂના જોગીઓ એક યા બીજા કારણસર નારાજ થઈ રહ્યા છે. સૌથી જૂના સહયોગી અને વફાદાર સાથી શિવસેનાએ 'સામના'માં લેખ લખીને વરિષ્ઠોની અવગણના મુદ્દે ભાજપની ટીકા પણ કરી છે. ભાજપમાં અપનાવાઈ રહેલી વહાલાં-દવલાંની નીતિ વિશેની 'સામના'ની કોમેન્ટનો ભાજપના નેતા પાસે કોઈ જવાબ નથી. અરુણ જેટલીને એમની પસંદગીની બેઠક આપી શકાતી હોય, પક્ષપ્રમુખ અને પક્ષના વડાપ્રધાનપદના ઉમેદવાર મનગમતી બેઠકો મેળવી લઈ શકતા હોય તો પાર્ટીના સંસ્થાપક અને સંવર્ધક લાલકૃષ્ણ અડવાણીને એમની પસંદગીની બેઠક કેમ નથી ફાળવી શકાતી? અડવાણી જેવા વરિષ્ઠ નેતાની નારાજગી પાર્ટી માટે અભિશાપ સાબિત થઈ શકે એમ છે. એમને ગાંધીનગર બેઠક ઘરાર 'બગાડી' દેવામાં આવી છે. હકીકતમાં તેઓ ભોપાલની સલામત બેઠક પર જ ચૂંટણી લડવા માગતા હતા, કારણ કે પહેલી બે યાદી સુધી એમનું નામ કે બેઠક જાહેર નહીં કરાતાં એમણે ઘણી ભોંઠપ અનુભવી હતી. શિવસેના પ્રમુખ બાળા સાહેબ ઠાકરે જીવતા હોય તો કદાચ ઉદ્ધવ ઠાકરે કરતાં પણ વધારે કડક શબ્દોમાં ભાજપની નવી નેતાગીરીની ખબર લઈ નાખી હોત. ઉદ્ધવ પિતાની લાઈન પર ચાલવાની કોશિશ પણ કરે છે અને એમની જ શૈલીમાં ફૂંફાડા પણ મારતા રહે છે પરંતુ ભાજપની નેતાગીરી એમને ટેકાને 'ટેકન ફોર ગ્રાન્ટેડ' ગણીને ચાલે છે. શિવસેના રાષ્ટ્રીય પાર્ટી નથી. એની નિર્ણાયક અસર મહારાષ્ટ્ર પૂરતી મર્યાદિત છે, પરંતુ સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી જેવા પ્રાદેશિક પક્ષોની જેમ એની છૂટી છવાઈ અસર મહારાષ્ટ્ર બહાર પણ ઊભી થાય એવો એ પ્રયાસ કરતી રહી છે. એનાં પ્રાદેશિક એકમો ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર કે રાજસ્થાન અને દિલ્હી જેવાં રાજ્યોમાં કાર્યરત છે. ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરીએ એમની નાગરપુર બેઠક સલામત બનાવવાની દૃષ્ટિએ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરે સાથે બેઠક કરી હતી અને રાજ ઠાકરેએ અગાઉ ગાંધીનગર પહોંચી જઈને નરેન્દ્ર મોદીની મુલાકાત પણ લીધી હતી. મોદીને વડાપ્રધાન બનાવવા કૃતસંકલ્પ રાજ ઠાકરે સ્થાનિક કક્ષાએ શિવસેના સામે પડકાર ઊભો કરી રહ્યા છે. આ બાબત ઉદ્ધવ ઠાકરે અને એમના ઓરિજિનલ શિવ સેનાએ દિલ્હી, ઉત્તરપ્રદેશ અને બિહાર ખાતે કેટલીક બેઠકો પર પોતાના ઉમેદવાર ઉતારવાનો નિર્ણય જાહેર કરી દીધો છે. શિવસેનાના પ્રવક્તાએ સ્પષ્ટતા કરી છે કે ભાજપ સાથેનું અમારું ગઠબંધન ફક્ત મહારાષ્ટ્ર પૂરતું સીમિત છે. શિવસેના આગવી વિચારધારા ધરાવતી સંગઠન બદ્ધ પાર્ટી છે. અમારાં એકમો મહારાષ્ટ્ર બહાર પણ કાર્યરત છે, પછી અમે અન્ય રાજ્યોમાં ચૂંટણી કેમ ના લડીએ? ઉત્તરપ્રદેશ એકમના શિવસેના પ્રમુખે ભાજપ એમના કાર્યકરોની પાસે ટાંપાટેયાં કરાવે છે અને ચૂંટણી લડવાની છૂટ નથી આપતું એવી ફરિયાદ કરી છે. આથી શિવસેનાએ એની લડાયક પ્રકૃતિ મુજબ તત્કાળ નિર્ણય લઈ લીધો છે. એ વીસ બેઠકો પર ઉત્તરપ્રદેશમાં, પાંચ બેઠકો પર બિહારમાં અને સાત બેઠકો પર દિલ્હીમાં ચૂંટણી લડશે, પછી ભાજપ ભલેને ગમે તેટલા ધમપછાડા કેમ ન કરે! બહુ જ દેખીતું છે કે હિંદુત્વવાદી પાર્ટી તરીકે શિવસેનાના ઉમેદવારો જ્યાં ચૂંટણી લડશે ત્યાં ભાજપને જ નુકશાન કરશે. પરંતુ શિવસેનાના પ્રમુખ ફરિયાદમાં તથ્ય છે કે વિચારધારાથી તદ્દન સામા છેડાના રામવિલાસ પાસવાન અને રામકૃપાલ યાદવ જેવા લોકો સાથે ભાજપ ગઠબંધન કરી શકતું હોય તો એના સૌથી જૂના અને વફાદાર એવા કટ્ટર હિંદુત્વવાદી સાથીને થોડીક બેઠકો ફાળવી આપતાં શાની ચૂંક આવે છે? ભાજપની સ્વાર્થવૃત્તિ અને બેશરમી સામેનો શિવસેના પ્રમુખનો પુણ્યપ્રકોપ મોદીના મિશન ૨૭૨+ માટે સ્પીડ બ્રેકર બની શકે એમ છે.

વિનસ ઈન્ટરનેશનલ કોલેજ દ્વારા આયોજીત જી.ટી.યુ. ટેક ફેસ્ટ ૨૦૧૪ ગાંધીનગર ઝોન કાર્યક્રમની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

વિનસ ઈન્ટરનેશનલ કોલેજ ઓફ ટેકનોલોજી, ભોયણ રાઠોડ ગાંધીનગર ખાતે તારીખ ૨૧ તથા ૨૨ માર્ચ ૨૦૧૪ એક એક ભવ્ય ટેકનીકલ કાર્યક્રમ જી.ટી.યુ. ટેકફેસ્ટ ૨૦૧૪ ગાંધીનગર ઝોનમાં યોજાયો છે. આ કાર્યક્રમમાં ડીપ્લોમા ઈજનેરી, ડીગ્રી ઈજનેરી (ઈ.સી.) ફાર્મસી તથા મેનેજમેન્ટની ૮૪ કોલેજના ૨૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઈનોવેટીવ આઈડીયાસ સાથે ભાગ લીધો હતો. આ કાર્યક્રમના ઉદઘાટન સમારંભમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર માન. સાહેબશ્રી અક્ષય અગ્રવાલ, જીટીયુ છત્રાલ સંકુલના કો-ચેરમેન શ્રી યોગેશ દવે તથા જીપી. જૈન ટ્રસ્ટના ચેરમેન માન. શ્રી ઋષભભાઈ જેન એ ઉપસ્થિત રહી વિદ્યાર્થીગણને પ્રોત્સાહિત કર્યા હતા.

કોલેજના ડાયરેકટર પ્રો. ડો. કે.એન. શેઠ દ્વારા આ કાર્યક્રમનું ખુબ જ ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અંતર્ગત ઉપ જેટલી વિવિધ ટેકનીકલ તથા નોન ટેકનીકલ સ્પર્ધાઓ જેવી કે રોબોરેસ, રોબોફુટબોલ, યુથપાર્લામેન્ટ, ટીમ બિલ્ડીંગ, રોડીસ, બ્રીજ કન્સ્ટ્રકશન, ડીજીસ્ટ્રીક, એસેમ્બલી ડીએસેમ્બલી, કવીઝ, પેપર પ્રેઝન્ટેશન, પોસ્ટર પ્રેઝન્ટેશન, ફાર્મા મોડલીંગ, ઈનોવેટીવ ટ્રાન્સપોર્ટેશન મોડલ, વેબ ડીઝાઈનીંગ વગેરે આયોજીત કરવામાં આવી હતી. આ સિવાય વિનય કોલેજના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમના અંતે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ગીતો અને ડાન્સ પ્રસ્તુત કરવામાં આવેલ હતી.

પૂર્ણાહુતી કાર્યક્રમમાં ગાંધીનગર શહેરના મેયર માન. મહેન્દ્રસિંહજી રાણા, યુનિ. સ્કુલ ઓફ લો ના ડાયરેકટર ડૉ. કે.સી. રાવલ, જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ છત્રાલના સેક્રેટરી શ્રી અરવિંદ પટેલ અને જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, છત્રાલના પ્રેસિડન્ટ શ્રી રમેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની પૂર્ણાહુતિમાં બધા જ સ્પર્ધકોને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું હતું. આ સિવાય વિવિધ સ્પર્ધાઓના વિજેતા થયેલ વિદ્યાર્થીને ઈનામ તથા પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

(તસવીર : વિપુલ ચૌહાણ)

હરિની દૃષ્ટિ...

તમારા માનીતા ઉમેદવાર ગયા...એમાં શું? ગઈ કાલે શહિદ દિન હતો ખબર નથી??

ગોઝારિયા પ્રાથમિક કન્યા શાળામાં હિન્દી વાર્તાકથન અને હિન્દી કાવ્યગાન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળામાં હિન્દી વાર્તાકથન અને હિન્દી કાવ્યગાન સ્પર્ધા યોજવામાં આવી હતી. ધોરણ-૪ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

મહેસાણા તાલુકાના ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળામાં વિદ્યાર્થીઓ માટે અવનવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં શાળાની વિદ્યાર્થીનિઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રદર્શન કરે છે.

તાજેતરમાં જ કન્યા શાળાની ધોરણ-૪ની બાળાઓ વચ્ચે હિન્દીવાર્તાકથન અને હિન્દી કાર્યગાન સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ધોરણ-૪માં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં હિન્દી વાર્તાકથનમાં શ્રદ્ધા મહેરિયાએ પ્રથમ અને હિન્દી કાવ્યગાન સ્પર્ધામાં નસીબ રાવળે પ્રથમ નંબર મેળવ્યો હતો. બન્ને વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્ય અને વર્ગશિક્ષકે અભિનંદન પાઠવી ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપ્યા હતા.

તપોવન ગૃહદીપક વિદ્યાલયમાં ધોરણ ૫ થી ૧૦ સુધી નિઃશુલ્ક શિક્ષણ

શાળા અભ્યાસની સાથે કોમ્પ્યુટર, સ્પોકન ઈંગ્લિશ અને ધાર્મિક સંસ્કારો પણ અપાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સુઘડ પાસે આવેલ અમીયાપુર ખાતે સ્થિત તપોવન સંસ્કારપીઠ દ્વારા તપોવન ગૃહદીપક વિદ્યાલયમાં ધોરણ-૫ થી લઈને ધોરણ ૧૦ સુધીનો શાળા અભ્યાસક્રમ સંપૂર્ણ મફત ભણાવવામાં આવશે. આ વિદ્યાલયમાં અનુભવી શિક્ષકો દ્વારા માત્ર ૩ થી ૪ કલાકમાં જ બાળકોને અભ્યાસ કરાવવામાં આવશે તેમજ કોમ્પ્યુટર,સ્પોકન ઈંગ્લિશ અને સંગીત સાથે પૂજા-પૂજન, વક્તવ્ય જેવી સ્પર્ધાઓ માટે પણ વિદ્યાર્થીઓને તૈયાર કરાશે.

કોબા સર્કલથી મોટેરા તરફ જતા માર્ગ પર સુઘડ પાસે આવેલા અમીયાપુર ખાતે તપોવન સંસ્કારપીઠ આવેલ છે. નર્મદા કેનાલ ક્રોસ કર્યા પછી ર્ંગરોડ પરના તપોવન સર્કલ પાસે આવેલ આ સંસ્કારપીઠમાં તપોવન ગૃહદીપક વિદ્યાલયનું સંચાલન કરવામાં આવે છે. જ્યાં બાળકોને સુંદર સંસ્કાર સાથેનું શિક્ષણ અને ધાર્મિક અભ્યાસ પણ કરાવવામાં આવે છે. અહી નૈસર્ગિક વાતાવરણમાં રહીને બાળકો શાળા અભ્યાસની સાથે પંચ પ્રતિક્રમણ જૈન તત્વજ્ઞાન, સંસ્કૃત વગેરેમાં પણ પ્રવિણતા હાંસલ કરાવશે.

વર્તમાન સમયમાં શિક્ષણની વ્યવહારમાં ખૂબ જરૂરિયાત હોવાના કારણે પૂ. ચંદ્રશેખર વિજયજી સાહેબની પ્રેરણાથી તપોવન ગૃહદીપક વિદ્યાલયમાં ધોરણ ૫ થી ધોરણ-૧૦ સુધીનો સંપૂર્ણ અભ્યાસક્રમ નિઃશુલ્ક ભણાવવાનો નિર્ધાર કરાયો છે. આ અભ્યાસક્રમ નિષ્ણાત અનુભવી શિક્ષકો દ્વારા દિવસના માત્ર ૩ થી ૪ કલાકના શિક્ષણમાં આવરી લેવાશે. આ અભ્યાસની સાથે સાથે બાળકોને કોમ્પ્યુટર, સ્પોકન ઈંગ્લિશ, સંગીત, પૂજા-પૂજન, વક્તવ્ય જેવી અનેક સ્પર્ધાઓ વડે વિશિષ્ટ તાલીમ અપાશે.

શિક્ષકોના ઉત્તરવહી ચકાસણીના હુકમો આડેધડ અને અન્યાયી છે : મહામંડળ

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા શિક્ષકોને ઉત્તરવહી ચકાસણીના આડેધડ કરવામાં આવેલા હુકમો સામે નારાજગી વ્યક્ત કરી બોર્ડ ચેરમેનને રજુઆતો કરવામાં આવી છે.

સાબરકાંઠા, વડોદરા, સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી વ્યાપક માત્રામાં શિક્ષકોની ફરિયાદો મહામંડળને મળી રહી છે. જેમાં જણાવ્યું છે કે નિવૃત્તિના આરે આવેલા શિક્ષકો જેમને કો-ઓર્ડિનેટર અને પેપર સેટરનું કામ કર્યુ છે તેવા શિક્ષકોને પેપર ચકાસણીનું કામ કેટલુ યોગ્ય કહેવાય ?

વર્ષોથી કામ કરીને બહોળો અનુભવ ધરાવતા શિક્ષકોને તેમનાથી નાના અને નવા જુનીયરોના હાથ નીચે કામ કરવુ પડે છે તે દુઃખદ ઘટના છે ત્યારે આવા નિર્ણયો સર્વ સંમતિથી દૂર થાય તેવી રજુઆતો કરવામાં આવી છે.

તેમજ ચાલુ બોર્ડની પરીક્ષાઓમાં વિષય નિષ્ણાત શિક્ષકને જે દિવસે તેમના વિષયનું પેપર હોય તે દિવસે ડાયેટ ઓફિસે હાજર રહેવુ. ત્યારે આ તો ગુરૂજીઓનું અપમાન થયુ કહેવાય તેનો સીધો મતલબ થાય કે શુ શિક્ષકો ચોરી કરાવતા હશે ? શિક્ષકોએ જણાવ્યું હતું કે જો આવા મનઘડત નિર્ણયો પરત લેવામાં નહિ આવે તો છેક સુધી રજૂઆતો કરવામાં આવશે.

એક કરોડથી વધુ ઉત્તરવહી ચકાસણીનું કામ શરૂ કરાયું

ધોરણ ૧૦ ૬૫ લાખ, ધોરણ ૧૨ની સાયન્સ, કોમર્સની ૩૫ લાખ ઉત્તરવહીઓ : હવે પરીક્ષા પૂર્ણ થવાના આરે

અમદાવાદ,તા. ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી પરીક્ષાઓ હવે પૂર્ણતાને આરે પહોંચી છએ ત્યારે બોર્ડ દ્વારા ધોરણ ૧૦ની ૬૫ લાખ ઉત્તરવહીઓ તથા ધોરણ ૧૨ની સાયન્સ અને કોમર્સની ૩૬ લાખ મળીને કુલ એક કરોડ જેટલી ઉત્તરવહીઓ તપાસવાનો પ્રારંભ થયો છે. પ્રાપ્ત માહિતી મુજબ ૧ ૩મી માર્ચથી બોર્ડ દ્વારા લેવાઈ રહેલી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષા લેવામાં આવી રહી છે. આ પરીક્ષામાં રાજ્યભરમાંથી ધોરણ ૧૦ના ૯.૭૫૨ લાખ વિદ્યાર્થીઓ તેમજ ધોરણ ૧૨ સાયન્સ અને કોમર્સના ૬.૧૫ લાખ મળીને કુલ ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે જેમાં ધોરણ ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૪ની પરીક્ષાઓ આવતીકાલે પૂર્ણ થઈ જશે જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ અને આર્ટ્સ વિષયોની પરીક્ષા ૨૮મીએ પૂર્ણ થશે. પરીક્ષાઓ હવે પૂર્ણતાને આરે પહોંચી હોઈ બોર્ડે ધોરણ ૧૦ની લગભગ ૬૫ લાખ જેટલી ઉત્તરવહીઓ તેમજ ધોરણ ૧૨ સાયન્સ, કોમર્સ અને આર્ટ્સની ૩૬ લાખ જેટલી ઉત્તરવહીઓ તપાસવાની કામગીરીનોપ્રારંભ કરી દીધો છે જેમાં ધોરણ ૧૦ના ૯.૭૫ લાખવિદ્યાર્થીઓની ૬૫ લાખ જેટલી ઉત્તરવહીઓ તપાસવા માટે રાજ્યભરમાં ૧૦૭ જેટલા મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો ઉભા કરાયા છે. એ જ રીતે ધોરણ ૧૨ સાયન્સના રાજ્યના કુલ ૧.૧૫ લાખ વિદ્યાર્થીઓની ૧૦ લાખથી વધુની ઉત્તરવહીઓ તપાસવા માટે કુલ ૨૯ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો તેમજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને આર્ટ્સના ૫.૦૮ લાખ વિદ્યાર્થીની ૨૬ લાખથી વધુ ઉત્તરવહીઓ તપાસવા માટે કુલ ૧૧૯ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો વિશેષ તરીકે ઉભા કરાયા છે. ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ સાયન્સ અને કોમર્સના ૧૫ લાખ જેટલા વિદ્યાર્થીઓની એક કરોડ જેટલી ઉત્તરવહીઓ તપાસવા માટે ઉભા કરાયેલા મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર ધોરણ ૧૦માં ૨૦ હજાર જેટલા વિષયાં વિષય શિક્ષકો તેમજ ધોરણ ૧૨ કોમર્સ અને સાયન્સમાં ૩૫ હજાર જેટલા વિષય શિક્ષકો અને સ્ટાફને જવાબદારી સોંપાઈ છે.

દક્ષિણ ગુજરાતની શાળા કોલેજો ખાતે ડૉ. કેશુભાઈ દેસાઈનાં વિવિધ વ્યાખ્યાનો યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

આગામી સપ્તાહ દરમિયાન તા. ૨૭થી ૨૯ માર્ચ દરમિયાન ડૉ. કેશુભાઈ દેસાઈ સુરત, બારડોલી, વ્યારા અને નવસારી ખાતે આજીપી ડૉ. હસમુખ પટેલની સ્વેચ્છિક સંસ્થાની નિશ્રામાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં 'ગુજરાતી સાહિત્યમાં જીવનલક્ષી કથાઓ' વિષય પર વ્યાખ્યાનો આપનાર છે.

ગુજરાતી ભાષાના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ ઊભો થઈ રહ્યો છે ત્યારે કિશોરો અને યુવાનો પોતાની માતૃભાષામાં સરજાતા શ્રેષ્ઠ સાહિત્યથી સુપરિચિત બને તેવા શુભાશયથી રેન્જ આઈજી ડૉ. હસમુખ પટેલ દ્વારા આ વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કરાયેલ છે.

ઈ.સ. ૧૯૧૯-૨૦ દરમ્યાન ઈન્ડિયન જેલ કમિટીની રચના કરવામાં આવી હતી, આ કમિટીએ ભલામણ કરી હતી કે બાળક અને પુખ્ત વયના અપરાધી માટે અલગ ટ્રાયલ ચલાવવી જોઈએ તેમજ સારવાર પણ અલગ મળવી જોઈએ

મહિલા સમાજ અને કાયદો

અંક - ૩૬

- ડૉ. ભાવના કે. જોશીપુરા

આપણે ગત અંકમાં બાળ અપરાધના ખ્યાલ સમજી રહ્યા હતા. બાળક એ સમાજનું અવિભાજ્ય અંગ છે. મહિલાઓ અને તેના અધિકારોના સંદર્ભમાં જયારે ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે બાળકોના અધિકારો વિશે જાણવું પણ જરૂરી છે. બાળ અપરાધ, કાયદાના સંઘર્ષમાં આવેલું બાળક, બાળ મજૂરી, બાળક કે બાળકીનું ગેરકાયદેસર વેચાણ એ બધા મુદ્દાઓ ચર્ચાની એરણે છે. રોજબરોજના વર્તમાનપત્રોમાં અને મલ્ટી દૃશ્યશ્રાવ્યના માધ્યમથી આ પ્રકારના બનતા બનાવો આપણે સૌ જાણીએ છીએ. બાળ અપરાધનો ખ્યાલ એ ગત અંકમાં આપણે ચર્ચા કરી. બાળકોને સ્પર્શતા કાયદા અંગે જો વિચાર કરીએ તો ઐતિહાસિક તવારીખ તબક્કાવાર જોઈએ તો...

(૧) ઈ.સ. ૧૮૫૦ સુધીના સમયમાં તમામ અપરાધીઓને એક જ સ્થળે રાખવામાં આવતા હતા અને તમામને સરખી સજા કે સુવિધા મળતી હતી. આ સમય સુધી કેદીઓને સુધારવા માટે કોઈ જ પ્રયાસ કરાયો ન હતો. પ્રિઝન જિસિપ્લીન કમિટીએ ૧૯૩૬-૩૮માં આ નોંધ કરી હતી.

(૨) ધ એપ્રેનિસ એક્ટ-૧૯૮૫૦ : આ કાયદામાં ૧૦-૧૮ વર્ષની વયના બાળકને વ્યવસાયિક તાલીમ અને પુનઃ નિવાસ કરવા માટેની જોગવાઈ કરવામાં આવી હતી.

૧૮૫૧ થી ૧૯૨૦ : આ સમયગાળામાં રીફોર્મેટરી (સુધારા ગૃહો) સ્કૂલ એક્ટ- ૧૮૭૬ ઘડવામાં આવ્યો હતો. જેમાં ૧૫ વર્ષથી ઓછી વયના અપરાધીઓને ૩ થી ૭ વર્ષ સુધી સુધારા ગૃહોમાં રાખવા જ વિવેકાધીન સતાની જોગવાઈ હતી અને ૧૪ વર્ષથી વધુ વયના બાળકો લાયસન્સ ઉપર મુકત કરવાની જોગવાઈ હતી. ઈ.સ. ૧૯૧૯-૨૦ દરમ્યાન ઈન્ડિયન જેલ કમિટીના રચના કરવામાં આવી હતી. આ કમિટીએ ભલામણ કરી હતી કે બાળક અને પુખ્ત વયના અપરાધી માટે અલગ ટ્રાયલ ચલાવવી જોઈએ તેમજ સારવાર પણ અલગ મળવી જોઈએ. અન્ય જોગવાઈઓમાં

(૧) ચાલુ ટ્રાયલે અપરાધી બાળકને રીમાન્ડ હોમમાં રાખવાની જોગવાઈ હતી અને જો રીમાન્ડ હોમ ન હોય તો અદાલતે યોગ્ય વ્યવસ્થા કરવી પડતી હતી.

(૨) આવા બાળકને જેલમાં રાખવાનું કૃત્ય જાહેરનીતિ વિરુદ્ધનું ગણવાની ભલામણ કરાઈ હતી.

(૩) બાળ અદાલતોની સ્થાપના કરવાની રહેશે- જે અદાલતોની કાર્યપદ્ધતિ અનૌપચારિક હશે. આજોગવાઈઓને ધ્યાનમાં લઈ મદ્રાસ ચિલ્ડ્રન એક્ટ- ૧૯૨૦ મદ્રાસ રાજયમાં ઘડવામાં આવ્યો હતો. જેમાં બાળ અપરાધીઓને તાલીમ આપવા માટે 'જુનીયર સર્ટીફાઈડ' અને 'સિનિયર સર્ટીફાઈડ' સ્કૂલ સ્થાપવાની જોગવાઈ હતી.

(૪) ઈ.સ. ૧૯૨૧-૪૬ના સમયગાળામાં ધ બેંગાલ ચિલ્ડ્રન એક્ટ- ૧૯૨૦માં ઘડવામાં આવ્યો હતો. ત્યાર બાદ ધ બોમ્બે ચિલ્ડ્રન એક્ટ ૧૯૨૪ ઘડવામાં આવ્યો હતો. ક્રિમીનલ ટ્રાઈબ્સ એક્ટ ૧૯૨૪ ઘડવામાં આવ્યો હતો જેમાં અમુક જાતિ અને સમૂહોને જન્મજાત અપરાધી માનવામાં આવતા હતા, તેમાં બાળકો માટે અલગ જોગવાઈઓ હતી.

- ૧૯૨૩માં આસામ સ્ટુડન્ટ એન્ડ જુવેનાઈલ સ્મોકિંગ એક્ટ ઘડવામાં આવ્યો હતો.

- ૧૯૨૯માં ચાઈલ્ડ મેરેજ રીસ્ટ્રેઈન એક્ટ ઘડવામાં આવ્યો હતો.

- ૧૯૩૦ અને ૩૬માં અનુક્રમે બીકાનેર અને કોચીનમાં ૧૯૩૮માં સેન્ટ્રલ પ્રોવિન્સ અને બેરર ૧૯૪૩માં મૈસુર અને ૧૯૪૫માં ત્રાવણકોરમાં બાળકોને લગતા કાયદા ઘડવામાં આવ્યા હતા.

- ૧૯૪૦માં દિલ્હીમાં બોમ્બે ચિલ્ડ્રન એક્ટ ૧૯૨૪ લાગુ પાડવામાં આવ્યો હતો

- ૧૯૪૩માં વાગરન્સી એક્ટ ઘડવામાં આવ્યો હતો, જેમાં ૧૪ વર્ષથી ઓછી વયના બાળકોને તાલીમ આપવાની જોગવાઈ કરવામાં આવી હતી.

(૫) ૧૯૪૭ પછીના સમયમા ઘડાયેલા કાયદાઓમાં મદ્રાસ ચિલ્ડ્રન એકટમાં ૧૯૪૮માં અને બોમ્બે ચિલ્ડ્રન એકટમાં ૧૯૫૯માં સુધારા કરવામાં આવ્યા હતા. ૧૯૫૬માં સૌરાષ્ટ્ર અને ૧૯૬૪માં મૈસૂર ચિલ્ડ્રન એકટ, ૧૯૪૩ને રદ કરી ફરી નવા સ્વરૂપે ઘડવામાં આવ્યો હતો.

આમ જેમ જેમ સમય પસાર થતો ગયો અને બદલાતો ગયો તેમ તેમ કાયદામાં પણ પરિવર્તન અને નવી દિશાઓ આવવા લાગી.

૧૯૭૮માં ધ ચિલ્ડ્રન એકટ ૧૯૬૦માં સુધારો કરવામાં આવ્યો અને તેમાં ઉપેક્ષિત આવકની વ્યાખ્યાનો વ્યાપ વધારવામાં આવ્યો.

આમ ચાર તબક્કામાં સમયમાં કાયદાની જોગવાઈઓ અને વિવિધ અદાલત ચુકાદાઓ અને આંતરરાષ્ટ્રીય ખતપત્રોની જોગવાઈઓનું પાલન કરવા માટે ભારત સરકારે બાળ ન્યાય અધિનિયમ- ૧૯૮૬ (જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૧૯૮૬) અમલમાં મુકેલ, જેમાં સ્થાનિક પરિસ્થિતિમાં બદલાવ તેમજ વિવિધ અદાલતી ચુકાદાઓ તથા કાયદાની ઉણપો સુધારવામાં આવેલ અને જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ચિલ્ડ્રન) એકટ ૨૦૦૦ તા. ૧-૪-૦૧થી નવા સ્વરૂપે મૂકવામાં આવેલ.

ભારતના બંધારણમાં પણ બાળ ન્યાય બાબતે અલગ જોગવાઈઓ કરેલ છે. બાળ ન્યાય એ કલ્યાણલક્ષી કાયદો છે તેથી જ અનુચ્છેદ ૧૫(૩)માંબાળકો માટે અલગ જોગવાઈ કરવામાં આવેલ છે. તેમાં જણાવ્યા મુજબ બાળકોના રક્ષણ અને વિકાસ માટે અલગ કાયદા બનાવી શકવા રાજય સક્ષમ છે.

બંધારણના અનુચ્છે- ૨૧/એ માં **Free & Compulsory Education** (નિશુલ્ક અને ફરજીયાત શિક્ષણ)ની જોગવાઈ ૮૫માં બંધારણીય સુધારાથી નવી ઉમેરાયેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટ મોહીની જૈન તેમજ ઉન્ની કિષ્ણના ચુકાદામાં શિક્ષણના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે ઠરાવેલ છે.

બંધારણના અનુચ્છેદ- ૪૫ અને ૨૧વચ્ચે તફાવત જોઈએ તો અનુચ્છેદ ૪૫માં ઉમર ૧થી ૧૪ વર્ષ અને ૨૧ માં ૬ થી ૧૪ વર્ષનો ઉલ્લેખ છે.

બંધારણના અનુચ્છેદ ૩૯(ઈ)માં જણાવેલ છે પુરુષ અને સ્ત્રી કામદારોનાં આરોગ્ય અને શક્તિનો અને બાળકોની કુમળી અને વયનો દુરુપયોગ ન થાય અને આર્થિક જરૂરીયાતના કારણે તેમની ઉમર કે શક્તિને અનુકુળ ન હોય તેવા રોજગારમાં જોડાવવાની નાગરિકોને ફરજ ન પડે.

બંધારણ અનુચ્છેદ ૩૯(એફ) : માં બાળકોને સ્વસ્થ રીતે અને સ્વાતંત્રૂય અને ગૌરવયુક્ત સ્થિતિમાં વિકાસની તકો અને સગવડો આપવામાં આવે, બાળકો તથા યુવાનોને શોષણ સામે અને તેમની નૈતિક અને આર્થિક ઉપેક્ષા સામે રક્ષણ મળે. આ અનુચ્છેદથી રાજયને એવી સમાજ વ્યવસ્થા સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવા જણાવેલ છે, જેની બાળકો આર્થિક જરૂરિયાતને કારણે પોતાને અનુકૂળ ન હોય તેવી રોજગારીમાં જોડાવાની ફરજ ન પડે તેમજ તેમને સ્વસ્થ અને ગૌરવપૂર્વક વિકાસની તકો અને સગવડો પ્રાપ્ત થાય.

વાસ્તવમાં આ જોગવાઈઓને અમલમાં પૂર્ણ રૂપે મૂકી શકેલ નથી તેમજ ઘણા વસ્તારોમાં બાળકો ઘણાં જોખમી અને મનાઈવાળા ઉદ્યોગોમાં કામ કરી રહ્યા છે તે કરુણ વાસ્તવિકતા છે. શરૂઆતમાં કહ્યું તેમ સામાજિક સુધારા માટે કાયદો આવશ્યક છે પરંતુ કાયદાના પ્રબંધ માત્રથી સમાજમાં સુધારો શકય નથી. કાયદાના પ્રબંધના અસરકારક અમલથી જ કાયદાનો હેતુ પરિપૂર્ણ થઈ શકે અને સમાજમાં આવશ્યક સુધારો લાવી શકાય.

બાળકોને જોખમી ઉદ્યોગોમાં સામેલ કરવા ન જોઈએ તે બાબતના લેન્ડમાર્ક ચુકાદાઓ સાથે મળીએ આવતા અંકે...